# સીમલથુ

## ગામની ૫૦૧ની વસતીમાં કુલ ઘર ૧૧૫, મહિલાઓની વસતી પુરુષ કરતા વધુ




## ૧૦ વર્ષથી કાર્યરત છે પ્રાથમિક શાળા

ગામમાં બાળકોના અભ્યાસ માટે એક પ્રાથમિક શાળા વર્ષ-૧૯૩૫થી કાર્યરત છે અને એક આંગણવાડી છેલ્લાં ૩૦ વર્ષથી કાર્યરત છે. જ્યાં ગામનાં બાળકો સારી રીતે અભ્યાસ કરી રહ્યાં છે. ગામના અનેક વડીલો ઉચ્ચ અભ્યાસ કરી ગામનું નામ રોશન કરી રહ્યા છે, જેમાં ડો.રાજેન્દ્ર રતિલાલ પટેલ જેઓ એમબીબીએસ થયા છે અને હાલ અમેરિકા સ્થાયી થયા છે. જ્યારે ડો.ચંદ્રકાંત ગોવિંદજી પટેલ હાલ સુરત હજીરા ખાતે એલ&ટી કંપનીમાં ફરજ બજાવે છે. સોહિલ કુમાર વિરેન્દ્રભાઈ ગજ્જર હાલ કીમ નજીક આવેલી ચિરાગ શાળામાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવી રહ્યા છે અને કોમલબેન નિકુંજભાઈ ગજ્જર શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે.


શાળાનું મકાન

## લોકફાળાથી પીવાના પાણીની ટાંકી ઊભી કરાઈ હતી

સીમલથુ ગામમાં ગ્રામજનોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તેવા આશય સાથે વર્ષ-૧૯૯૨માં લોકફાળા સાથે ગામમાં પીવાના પાણી માટે મોટી ટાંકી બનાવવામાં આવી હતી. મોટર અને પાઇપ લાઈન મારફતે આજે શુદ્ધ પીવાના પાણી ઘરે ઘરે પહોંચી રહ્યું છે અને આખું ગામ શુદ્ધ પાણી પી રહ્યું છે.


પાણીની ટાંકી


મઢુલી

## મઢુલીએ બેસી યુવાનો-વડીલો ભૂતકાળ-ભવિષ્યની વાતો વાગોળે છે

ગામની મધ્યમાં એક સરસમજાની મઢુલી બનાવવામાં આવી છે. જ્યાં સાંજે નોકરી, વ્યવસાય, ખેતીથી પરત ફરી હળવાશની પળો માળવા માટે ગામના યુવાનો-વડીલો સાથે બેસી ભૂતકાળ અને ભવિષ્યની વાતો વાગોળતા હોય

## ગામમાં બસ સ્ટેન્ડ છે, પણ બસ આવતી નથી

**સીમલથુ ગામ પાયાની સુવિધા માટે આજે પણ ઝઝૂમે છે. જેને કારણે ગતિમાન સરકારના રાજમાં વિકાસ અહીં ડોક્યા કરે એવી લોકોની ઇચ્છા છે. ખાસ કરીને બસ સેવાના અભાવે લોકોએ જે મુશ્કેલીનો સામનો કરવો પડે છે એ વિશે વિચાર કરવાની જરૂર છે. ફક્ત જરૂરિયાત છે ઇચ્છાશક્તિની. અહીં લાંબા સમયથી એક બસ સ્ટેન્ડ આવેલું છે. ૨૦૦૦ની સાલથી અહીં બસ સેવા બંધ કરવામાં આવી છે. જેના કારણે સ્થાનિક લોકોને રોજબરોજની અવરજવર માટે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગામના નોકરિયાત વર્ગ તથા વિદ્યાર્થીઓએ રોજગાર સ્થળો અને શાળાઓ સુધી પહોંચવા ચાર કિલોમીટર દૂર જવું પડે છે. સુરત જવા માટે પણ કીમ સુધી જવું પડે છે. જેનાથી સમય અને ખર્ચ બંનેમાં વધારો થાય છે. ગામની ચારેતરફ આવેલા ૨થી ૪ કિલોમીટરના અંતરનાં ગામોમાં બસ આવે છે. ગ્રામજનોની માંગ છે કે, જો અહીં રોજમાં ઓછામાં ઓછી એકવાર બસ સેવા શરૂ કરવામાં આવે તો સમગ્ર ગામને તેનો મોટો લાભ મળી શકે છે.**




## આઝાદીના લડવૈયા સ્વ.જગુભાઈ કેશવભાઈ પટેલ

સીમલથુનું રાજકીય ક્ષેત્રે પણ અનોખું પ્રદાન રહ્યું છે. એમાં જગુભાઈના નામથી કોઈ અજાણ નહીં. કોઈપણ કામ હોય જગુભાઈ પોતાની કોઠાસૂઝથી સુપેરે પાર પાડે. એટલે જ ગામમાં વગદાર વ્યક્તિત્વમાં તેમની ગણના થાય. યુવાની કાળમાં આઝાદી માટેના જોશમાં સાયન્સનો અભ્યાસ પણ પડતો મૂકી દીધો હતો. જગુભાઈ પટેલ એક વિસ્તૃત વિચારમંચ બની ગામ, સમાજ અને તાલુકાની જનતાને નિ:સ્વાર્થ કાર્યો થકી ઉમદા દુરંદેશી વ્યક્તિત્વ ધરાવતા હતા. જેમનો જન્મ તા.૨૦-૧૦-૧૯૨૦ના રોજ ઓલપાડના સીમલથુ ગામમાં રાષ્ટ્રને સમર્પિત થવા માટે જ થયો હતો એવું પ્રતીત થયું હતું. માવતરનાં સંસ્કાર સિંચનથી તેમનામાં ઉત્તમ ગુણોનો આવિર્ભાવ થયો હતો. જગુભાઈએ યુવાવસ્થામાં ખૂબ જ નાની વયે સાયન્સનો અભ્યાસ છોડી આઝાદીની ચળવળમાં ઝંપલાવ્યું હતું. સને-૧૯૩૯થી સને ૧૯૪૫ સુધી સ્વાતંત્ર્ય સંગ્રામ માટે ભારતની જુદી જુદી જેલોમાં કારાવાસ ભોગવ્યો હતો. આઝાદી પછીના દેશ માટે ગરીબી, વસતી વધારો, નિરક્ષરતા, જ્ઞાતિભેદ અને સામાજિક અસમરસતા જેવા પ્રાણપ્રશ્નો ઉકેલવા તેમણે અથાક પ્રયત્નો કર્યા હતા. સને-૧૯૬૦થી સને-૧૯૮૦ સુધી સુરત જિલ્લા પંચાયતમાં લોકપ્રિય આગેવાન તરીકે ચુંટાઈને બાંધકામ સમિતિના અધ્યક્ષ તરીકે સેવા આપી, જે જગજાહેર છે. બાદ પણ સમાજોત્થાન અને યુવા ઉત્થાનની સરાહનીય કામગીરી જીવંત રાખી હતી. આવા ઉમદા વ્યક્તિત્વના ધણી, સ્વતંત્રસેનાની અને જગુભાઈ પટેલ તેમજ તેમનાં પત્ની શાંતાબેન પટેલનું અવસાન તા.૪/૨/૨૦૧૮ના દિવસે અવસાન થયું હતું. પ્રથમ જગુભાઈ પટેલનું અવસાન થયું હતું. બાદ થોડા જ સમયમાં શાંતાબેન પટેલનું પણ જૈફ વયે અવસાન થયું હતું. તેમની અંતિમયાત્રામાં આખા ગામની સાથે અનેક સ્વતંત્રતા સેનાનીઓ તેમજ આસપાસના રાજકીય, સહકારી, સામાજિક આગેવાનો જોડાયા હતા.




## ચોકની લકીરમાં જીવનના રંગ પૂરતા કલાકાર સોહિલભાઈ ગજ્જર



સીમલથુ ગામના ચિત્ર કલાકાર સોહિલભાઈ ગજ્જરે આગવી ઓળખ ઊભી કરી છે. તેમણે ગામની શાળામાં પ્રારંભિક શિક્ષણ લીધા બાદ કઠોરની વ.દે. ગલિયારા હાઇસ્કૂલમાં બાકીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. કઠોર પરિશ્રમ અને કપરી પરિસ્થિતિના આ માર્ગેથી આગળ વધી માંડવી સ્થિત પ્રિયદર્શની ફાઈન આર્ટસ કોલેજમાંથી ડિપ્લોમા અને અનુસ્નાતક પદવી હાંસલ કરી હતી. આજે તેઓ ચિરાગ વિદ્યાસંકુલના આચાર્ય છે. બ્લેકબોર્ડ જ તેમના જીવનનો કેનવાસ છે. શિક્ષક તરીકે ફરજ બજાવતા હોવા છતાં કળાપ્રેમે તેમને ક્યારેય વિરામ નથી આપ્યો. ચોક વડે બ્લેકબોર્ડ પર જીવંત લાગતી કૃતિઓ બનાવવાની અનોખી કળા તેમની ઓળખ બની ગઈ છે. ગુજરાતમાં બહુ ઓછા કલાકારો આ રીતે બ્લેકબોર્ડ આર્ટ કરી રહ્યા છે, પરંતુ તેમના સર્જનથી બીજા શિક્ષકો પણ પ્રેરાઈ આ કળા તરફ આકર્ષાઈ રહ્યા છે. રંગોળી એટલે માત્ર ડિઝાઈન નહીં, પરંતુ લાગણીનું જીવંત પ્રતિબિંબ! તેમની હાઈપર રીઅલિસ્ટિક રંગોળી એટલી આબેહૂબ હોય છે કે જાણે ચિત્ર શ્વાસ લઈ રહ્યું હોય. કોરોના થિમ પર બનાવેલી તેમની રંગોળી એક પ્રખ્યાત મેગેઝિનમાં સ્થાન પામી હતી. જે તેમની પ્રતિભાનો જીવંત પુરાવો છે. કળાની નાનામાં નાની ડગલી પર પણ તેમણે પોતાની છાપ મૂકી છે. માત્ર 10 mmની પેન્સિલની અણી પર કરવામાં આવેલી મિનિયેચર કોતરણી તેમને એક અલગ જ ઓળખ આપે છે. આ કૃતિઓ તેમની ધીરજ, સૂક્ષ્મતા અને સર્જનશક્તિનો પરિચય આપે છે. તેમણે વિવિધ સ્પર્ધાઓમાં અનેક ઈનામો જિત્યાં છે. ખાસ કરીને મહારાષ્ટ્રની બ્લેકબોર્ડ આર્ટ સ્પર્ધામાં સ્પેશિયલ કેટેગરીમાં સ્થાન મેળવી સન્માનિત થયા હતા. આ સિદ્ધિઓ તેમને માત્ર કલાકાર જ નહીં, પરંતુ પ્રેરણાનું પ્રતીક બનાવે છે. તેમની કૃતિઓ માત્ર સુંદરતા પૂરતી નથી, પરંતુ નવા શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે એક દીપસ્તંભ સમાન બની રહી છે. ગામની શાળામાંથી શરૂઆત કરનાર આ કલાકાર આજે કળાના આકાશમાં તેજસ્વી તારો બની પ્રેરણાનું અજવાળું ફેલાવી રહ્યો છે.

## શ્રી રવિશંકર મહારાજે ગામની મુલાકાત લીધી હતી

સીમલથુ ગામ તમામ હિંદુ ધર્મની વસતી ધરાવતું ગામ છે. ગામના લોકો સેવાભાવી અને પૂજાપાઠ કરવાવાળા છે. ગામમાં ત્રણ મંદિર પણ આવેલાં છે, જેમાં નીલકંઠ મહાદેવ મંદિર, વેરાઈ માતાજીનું મંદિર અને ભાથીજી મહારાજનું મંદિર આવેલું છે. સીમલથુ ગામમાં શ્રી રવિશંકર મહારાજ પણ પગલાં પાડી ચૂક્યા છે.


સ્વતંત્રતા સેનાનીઓને શ્રદ્ધાંજલિ






## મંદિરોને કારણે ગામમાં ભક્તિમય માહોલ

સીમલથુ ગામમાં મુખ્યત્વે ત્રણ મંદિર આવેલાં છે. એક મંદિર વેરાઈ માતાનું છે. જેની સ્થાપના જાન્યુઆરી-૧૯૭૬માં કરવામાં આવી હતી. ગામના પાદરે વડના ઝાડ નીચે ભાથીજી મંદિરની દેરી આવેલી છે. જ્યાં એક પૌરાણિક કૂવો પણ આવેલો છે. સાથે સાથે એક પીવાના પાણીની ડંકી પણ મૂકવામાં આવી છે. ગામમાં નીલકંઠ મહાદેવનું મંદિર પણ આવેલું છે. એપ્રિલ-૧૯૯૬માં સ્થાપના બાદ પૂજારી દ્વારા રોજિંદા પૂજા-અર્ચના કરવામાં આવે છે. બાદ લોકફાળાથી જીર્ણોદ્ધાર કરી ભવ્ય મંદિર બનાવાયું છે. ગામમાં આવેલા મંદિર થકી ગામમાં ભક્તિમય વાતાવરણ બની રહે છે.

## અમિત પટેલ લોકસેવા માટે તત્પર



ગામમાં મુખ્યત્વે એક જ રાજકીય પક્ષ ભાજપ અગ્રેસર રહ્યો છે. આ ગામમાં ભાજપના આગેવાન તરીકે અમિત પટેલ ૨૦૧૪થી સક્રિય સભ્ય છે. જે હાલ ગામના ડે. સરપંચ તરીકે પણ સેવા આપી રહ્યા છે. સાથે સાથે ભાજપ યુવા મોરચાના ઓલપાડ ઉપપ્રમુખ તરીકે હોદ્દેદાર તરીકે કાર્યરત છે. લોકોના કોઈપણ પ્રશ્નો હોય તેઓ વાચા આપે છે.

## ગામમાં આવાસની કામગીરી પ્રગતિ હેઠળ

સીમલથુ ગામમાં અનેકવિધ વિકાસનાં કામો ચાલી રહ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આદિવાસી સમાજનાં ૪૨ જેટલાં આવાસ પૈકી મુખ્યત્વે આવાસ બની ચૂકવા સાથે પ્રગતિમાં છે. ગામમાં પ્રવેશવા માટે ત્રણ તરફથી રસ્તા છે. ગામમાં પાકા રોડ રસ્તાની સુવિધા છે. આગામી દિવસોમાં ગામમાં જિ.પં.ની ગ્રાન્ટમાંથી લાખો રૂપિયાના ખર્ચે ૧૦થી વધુ સી.સી.ટી.વી. કેમેરા મૂકવામાં આવશે.

## ત્રણ તળાવ લોકો માટે આશીર્વાદ સમાન

આજે દક્ષિણ ગુજરાતના ઘણા વિસ્તારોમાં પાણીની તંગી જોવા મળે છે. ઉનાળાના દિવસોમાં દૂર દૂર સુધી પાણી માટે રઝળપાટ કરવો પડે છે. પરંતુ સીમલથુના ગ્રામજનોના નસીબમાં પાણીની સુવિધા સારી છે. સીમલથુ ગામની ફરતે ત્રણ તળાવો આવેલાં છે. જે ગામ માટે આશીર્વાદસમાન છે. એક તળાવને મચ્છીમારીના વ્યવસાય માટે ભાડે આપી દેવાયું છે. જ્યારે અન્ય બે તળાવના પાણીનો ઉપયોગ લોકો પોતાના રોજિંદા વપરાશ માટે કરે છે. ગામમાં પશુપાલન, સિંચાઈ, ઘર વપરાશ સહિત તળાવના પાણીનો ઉપયોગ કરવામાં આવે છે.



(માહિતી સંકલન અને તસવીરઃ કિરણ ઢોડિયા, કીમ)